# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




સોનીયા નાં એ 'મનમોહન' થઇ બેઠાં!
ને લાલુ પ્રસાદ નાં એ રાબડી થઇ બેઠા!
થઇ બેઠાં છે કઠપૂતળી, દિલ્હીમાં દોર
ચાલે ઉપરવાળાનું, મૂર્તિ થઇ બેઠાં..

આમ ને આમ,
સેવામાં જ થૈ જશે -
મનપા સાફ..
(સરકારી સૂચનાઓ)

રાખે દેશને -
શહિદી સંખ્યામાં ય,
નંબર વન!
(કાશ્મીરી કતલખાનું?!)




## ચિંતન

ઉદ્‌ભાસિત ખિલ ખલસ્ય વિશૃંગલસ્ય પ્રાગ્જાત વિસ્મૃતાનિ જાધમ કર્મવૃતેઃ ।
દૈવાદવાપ્ત વિભવસ્ય ગુણ દ્વિષો અસ્ય નીચસ્ય ગોચર ગતૈઃ સુખ માપ્યતે કૈઃ ॥

સુભાષિત રત્નભાંડાગારના 'દુર્જન નિંદા' નામના બીજા પ્રકરણનો આ શ્લોક છે.

'જેણે બધા કપટીજનોને જાહેર કર્યાં છે. ઉઘાડા પાડયા છે અને સ્વયં-પોતે, જાતે પણ તમામ પ્રકારની મર્યાદાઓનું ઉલ્લંઘન કરનાર છે અને પોતે કરેલ તમામ પ્રકારના કુકર્મો-ભૂલોનો જેને જરા પણ પશ્ચાતાપ નથી. અર્થાત્ મનમાં પણ નથી ભૂલી જ ગયો છે. વળી એને નશીબજોગ કે પૂર્વ પુણ્ય કાર્યોના ફલ સ્વરૂપ ધન વૈભવ પણ મળ્યો છે. તે, આમ છતાં ય બીજાના ગુણ, સદ્‌ગુણોનો દ્વેષી - વિરોધી છે. આવા નીચ અધમ જેવા માણસથી દૂર જ રહેવું આવા માણસની નજરે ચઢેલો કોણ સુખી પામે છે? અર્થાત આવાનો સંગ તો ઠીક પણ આવી વ્યક્તિની જો નજર પણ આપણા પર પડી જાય તો પણ પાયમાલ થઇ જવાય.'

દૂર્જનથી દૂર જ રહેવું એની નજરથી ઓઝલ રહેવું અંતર રાખવું.

## સુવિચાર

- શ્રેષ્ઠ માણસ મીઠા જેવો છે, જે વ્યક્તિ કે વસ્તુમાં જોડાય કે ઉમેરાય તેને તે સ્વાદિષ્ટ બનાવે છે - સંત મલુકદાસ
- માણસની માણસાઇની ઇબાદત-પૂજા વગર માણસ-માણસ વચ્ચેનું અંતર કદાપિ ન ઘટે - જીવનસૂત્ર
- તમારુ હૃદય અપવિત્ર હોય તો પછી ઇશ્વર સામે મસ્તક ઝુકાવવાનો શો અર્થ? - સંત ફ્રાન્સીસ
- તમે 'કળિયુગી' ન બનો તો કળિયુગ તમારું કશું જ બગાડી શકશે નહીં.. આજના માણસની કરૂણતા એ છે કે એણે વાત સતયુગની કરવી છે અને પગ કળિયુગમાં રાખવો છે - માનસસૂત્ર
- 'મૌન' એ સમજણ અને સંયમ, વિવેક અને વિનય, આંતરિક શાંતિ અને ગાંભિર્ય, મનોનિયંત્રણ અને પ્રસંગોપાત કોઠાસૂઝનો સમન્વય છે - રજનીશ
- શબ્દ એ 'ભ્રમ' નથી, 'બ્રહ્મ' છે. એટલે જ શબ્દની શક્તિને જે ઓળખે છે તે વાણીવિલાસ આચરતો નથી. શબ્દની શાન સાચવવી એ પણ એક પ્રકારનું સંતત્વ છે- મુનિ ભાનુચંદ્રવિજયજી
- સ્વજન અને સજ્જન બનવા માટે જરૂર પડે છે, સહૃદયતા, સહિષ્ણુતા અને સરળતાની - ભૂપત વડોદરિયા

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજ તો જેની પાસે સત્તા-શક્તિ અને સામર્થ્ય છે એવા લોકો જ પ્રજાનું રક્ષણ કરવાને બદલે શોષણ કરે છે અને એની પાસે કોઇ કડક પગલાં લઇ શકતા નથી. ઉલ્ટું નિર્દોષ સાબિત કરી 'ક્લીનચીટ' આપવામાં મદદરૂપ થાય છે. કેટલાય પ્રધાનો - અધિકારીઓ 'દુષ્કૃત્યો'ના આરોપી છે.

માન નગરનો રાજા રાત્રે દારૂ ઢીંચી-વેશપલ્ટો કરી થોડા સૈનિકો સાથે રાત્રિચર્યામાં નીકળ્યો. હેતુ સારો ન હતો.

એકવાર વધારે ઢીંચાઇ ગયો અને માનસિક સમતુલા ખોઇ નાખી. ગામની બહેન-દીકરીઓને રંજાડવાનું શરૂ કર્યું. કેટલાક સૈનિકો તો વહાલા થવા એનાં આવા દુષ્કૃત્યમાં મદદરૂપ થવા લાગ્યા. પણ એક વૃદ્ધ-વફાદાર અને નિષ્ઠાવાન સૈનિકથી રહેવાયું નહીં. ખૂલ્લી તલવારે મદદરૂપ એવા ખોખલા સૈનિકોને ભગાડી રાજાને બેભાન અવસ્થામાં બાંધી મહેલમાં લઇ ગયો એન રાણીને સોંપી દીધો.

બીજે દિવસે સૈનિકો રાજા પાસે પેલાની ફરિયાદ કરવા ગયા. રાજાએ એ વૃદ્ધને બોલાવ્યો અને એનું સન્માન કરતાં કહ્યું જે રાજાનું ગેરવર્તન જોઇ ન શકે અને રાજય તથા પ્રજાને વફાદાર હોય એ સૈનિક સન્માનનીય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# દેશના બિન સાંપ્રદાયિક વાતાવરણને કોઇએ જીવંત રાખ્યું હોય તો તે માટે ગામડામાં વસતી આપણી પ્રજાનો મહત્ત્વનો ફાળો છે


## ગ્રામજીવનનો ધબકાર ઝીલતી ઘટનાઓ

### શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ભારતનો આત્મા તેની ગ્રામધરા છે. વિશ્વમાં ઉન્નત મસ્તકે જેનું ગૌરવ લઇએ છીએ તે આપણી સંસ્કૃતિનાં બી ત્યાં ધરબાયેલાં પડયા છે. વેદકાળથી એની પરંપરા ચાલી આવે છે. બાપે બેટાને માતાએ દીકરીને એના શોણિતનાં સિંચન કર્યા છે. આપણે ત્યાં અનેક જ્ઞાતિઓ છે. તે પૈકી કેટલીય જ્ઞાતિઓ હજુ સુધી ગામડામાં જ રહે છે. ખેતી, પશુપાલન, ગામડાંની નાની કારીગરી, ખેતમજૂરી, ઢોર ચરાવવાં વગેરે ભિન્ન-ભિન્ન વ્યવસાયથી એમનો જીવન નિર્વાહ કરતાં આવ્યા છે. એમની સામેની અનેકવિધ સમસ્યાઓ જોવા મળે છે અને તેમાંથી શોધેલ માર્ગ, તેમજ વિકસતા સમાજ સાથે કદમ મિલાવવાની ગતિ જેમાં દેખાય છે એવા ધરાના સોહામણા રંગની રંગીલી વાતો વિષે આજે આપણે જે વાત કરવી છે તે એક આવા જ પ્રકારના પુસ્તકની છે.

'ધરાના સોહામણા રંગ' નામનું પુસ્તક મળ્યું જેમાં વાસ્તવિક જીવનની પ્રેરણાત્મક ઘટનાઓને ખુબ જ રસપ્રદ શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવી છે. પુસ્તકમાંથી પસાર થતાં આપણને કુલ - ૪૪ જેટલી આવી ઘટનાપ્રધાન વાતો મળે છે. તેમાં લેખકની ગ્રામધરતી સાથેની નિસબતનાં દર્શન થાય છે તેથી જ એ ધરતીની હવા, પાણી, વૃક્ષો, વિહંગો, સરિતા, વિવિધ ઋતુઓના પલટાતા રંગ અને એ બધાની આપણા માનવીઓ પર પડતી અસર, નૈતિકતાના મૂલ્યો વગેરેના સોહામણા રંગોને લેખકે આલેખવાનો અહીં સુંદર પ્રયાસ કર્યો છે.




એક એવો સમાજ જેને આપણી સરકારે પછાત વર્ગો તરીકે ઓળખાવે છે. તેમની પણ એક આગવી પીછાણ છે. એમના રીત રિવાજ, માન્યતાઓ, રહેણીકરણી, જીવનનિર્વાહ, ધંધાઓ વગેરે અલગ અલગ જોવામાં આવે છે. ગામડામાં રહેલ અંધ માન્યતાઓ, કુરિવાજો, વ્યસનો, પ્રણાલિકાઓ વગેરે પ્રકરણ સમસ્યાઓને અળગી કરીને એમને નવા યુગ તરફ કદમ મિલાવતા કરવાની સરકારની નેમ છે. વિવિધક્ષેત્રે પ્રગતિના સોપાન સર કરવા આગે કદમ ઉઠાવેલ છે. એ બધાની સાથે આપણા ગ્રામ માનવીની પાસે એમનું અણમોલ ધન છે એ એની સંસ્કૃતિ છે. વર્ષોથી આપણા આ ગામડામાં ભાઇચારાથી બેઠા છે. એમના નાના મોટા પ્રશ્નો તેઓ સામૂહિક ભાવનાથી ઉકેલે છે. એમની કોર્ટ કહો તો પણ તે ત્યાં જ છે. જીભના કરારોના ત્યાં જતન થાય છે. ભુલ થઇ હોય તો સ્વીકાર કરી માફી માગે છે. દેશના બિન સાંપ્રદાયિક વાતાવરણને કોઇએ જીવંત રાખ્યું હોય તો તે માટે ગામડામાં વસતી આપણી પ્રજાનો મહત્ત્વનો ફાળો છે. ગરીબ અને નિરાધાર માનવીની પડખે તે અડિખમ બનીને ઊભો રહે છે. પછી ભલે ને તે નવા યુગનો કોઇ હોદ્દેદાર હોય. પણ તેનામાં પેલાં સંસ્કારોનાં વારિ હજુ સુકાયાં નથી. તેમની ઘટનાઓ અહીં આપણી સંસ્કૃતિ ધરોહર રૂપે જે સચવાયેલી પડી છે. તે ધરાના સોહામણાં રંગ રૂપે વાચકની સામે આવે છે. અહીં આપણે જોઇ શકીએ છીએ કે આર્થિક રીતે ભલે પછાત હોય, ખેત મજૂરી કરતો હોય, તેવો ચીંથરેહાલ માનવી પણ સમાજ જીવનના નૈતિક વ્યવહારના અવળા માર્ગે ન ચડવા પ્રેરણા આપતો જણાય છે અને ગરીબોના બેલી બની એનું રક્ષણ કરતો નજરે પડે છે. પોતાના સગા બાપે ચોરી કરી હોય તેની તેને પ્રતીતિ થતાં તે બાબત ખુલ્લી કરતાં એક ગરીબ વર્ગનો માનવી જરાય હિચકિચાટ અનુભવતો નથી. આવી ઘટના વિશ્વના ફલક પર ગણી ગાંઠી જોવા મળે પણ અહીં તો આવી અનેક ઘટનાઓ ધરાના સોહામણા રંગ રૂપે આપણને વાંચવા મળે છે. તો બીજી તરફ ગામડામાં શિક્ષણની ભૂખ જાગી છે. પંચાયતોમાં પદાધિકારી બની એમનામાં પ્રસરેલ કુરૂઢીઓ, અંધશ્રદ્ધા, વહેમ વગેરે બાબતોને ખંખેરી નાંખી વૈજ્ઞાનિક અને સાંસ્કારિક વિચારસરણી તરફ દોરાતો સમાજ, આરોગ્ય, ખેતી, પશુપાલન વગેરેના ઉત્કર્ષમાં કે જાળવણીમાં તેમની સામે આવતી સમસ્યાઓ માટે તે વૈજ્ઞાનિક અભિગમ અપનાવે છે એવી ઘટનાઓ અહીં મળે છે જે વાચકને પરિવર્તનની દિશા ચીંધે છે. ગ્રામ બહેનોમાં રહેલી સમૂહ ભાવનાથી એમની ધરતીના માનવીઓને પગભર કરવા તેઓ નવા યુગ તરફ કઇ રીતે દોરે છે. તે પણ જોઇ શકાય છે. વિસરાતી જતી અને નવા યુગના વાયરે વિંઝાતી વેરવિખેર થતી કુટુંબ ભાવનાની સમસ્યાઓનો કઇ રીતે ઉકેલ લાવવો તેની વાત પણ ઘટના દ્વારા લેખકે સરસ રીતે આલેખી છે. જુગાર, દારૂ, ગુટખા, તમાકુ વગેરે ને કારણે કેટલાંય કુટુંબો આર્થિક રીતે પાયમાલ થયા છે. ગરીબ માનવી રસ્તે રઝળતો થાય છે એટલું જ નહીં પણ તેઓ શારીરિક રીતે પણ ઉગતી યુવાનીમાં જ તેમના કુટુંબોને નિરાધાર છોડીને ધરતી પરથી વિદાય થાય છે. એ કરૂણાંતિકાઓના દારૂણ ચિત્રો જોવા ન મળે તે માટે વ્યસનમુક્તિનો સંદેશ આપતી ઘટનાઓ પણ લેખકે આલેખી છે. ગામડામાં પંચાયતની ચૂંટણીમાં ભારે વિખવાદ સર્જાય છે. જેના નિરાકરણ માટે પ્રવર્તમાન સરકારના 'સમરસ' પંચાયતના અભિગમની વાત પણ ઘટના દ્વારા લેખક બહુ જ ઊંચા અભિગમ સાથે આલેખી છે.

પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થા ભલે ગમે તે હોય પણ ગામડાંના આવા લોકોના જીવનમાં ઉભરાતા ઘોડાપુર વખતે માનવીઓના અંતઃસ્તલનાં ઝરણાંનાં હુબહુ ચિત્રો દ્વારા ધરાના સોહામણા રંગો આ સંગ્રહમાં જોવા મળે છે અને ગામડાંના સામાન્ય માનવીમાં રહેલી અસામાન્ય સમજશક્તિનાં નિર્મળ નીરનાં ચિત્રો વાચક સમક્ષ ઘટના દ્વારા નવા જ રંગરૂપે પ્રસ્તુત થાય છે.

'ધરાના સોહામણા રંગ' રૂપે ગ્રામ્ય જીવનનો ધબકાર ઝીલતી આ ઘટનાઓને શિવદાન ગઢવીએ તેમની આગવી બાનીમાં આલેખી છે. જે વાચકને જકડી રાખે તેવી છે. લેખક દ્વારા આવું સુંદર પ્રકાશન આપવા બદલ તેમને ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

ધરાના સોહામણા રંગ
લેખક - શિવદાન ગઢવી
પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન્સ, ૩૦, બીજે માળ,
કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડેલ સિનેમા, ગાંધી રોડ અમદાવાદ
કિંમત - રૂા. ૧૪૦
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

# વાણી, વર્તન અને વિચાર, અને જેની સો રગમાં વિનયની સરવાણી વહે છે, વિવેક જેનો આનંદ છે, એ જ વિવેકાનંદ

## વિરલ પ્રતિભા - સ્વામી વિવેકાનંદ

### આપણે છીએ તો પરીક્ષા છે

- નટવર આહલપરા

વર્ષો પહેલાંની વાત છે. યુગ વીત્યો. કન્યાકુમારીને કાંઠડે આ ભારતી નિસ્તેજ અને નિરૂત્સાહ બની ઊભી હતી. આ વખતે હિમાલયના ચંદનહારે માતા રિઝી ગયાં. કાશ્મીરી ફૂલોનાં ગજરા, અધર્મના કૌરવો અને ભારતીનાં વસ્ત્રો ખેંચી રહ્યા હતા.

અધર્મના અંધકારમાં ભારતીએ જરૂર હતી એક બત્રીસલક્ષણાની જે વીર ગર્જનાથી કૌરવો સામે સુદર્શનચક્ર ફેરવી હણાઇ ગયેલા તેજને ફરી પ્રજ્વલિત કરી શકે. મા ભારતીની પુકાર... મા ભારતની સાધનાને સફળતા સાંપડી. દૂરદૂર પડેલાં છીપમાં રામકૃષ્ણનાં સાનિધ્યરૂપી સ્વાતિબિંદુ પડ્યું. એ બિંદુ મોતી બન્યું, રત્ન બન્યું, એ રત્ન માતા ભુવનેશ્વરીનું નરરત્ન વિવેકાનંદ.

ગીતામાં સ્વયં ભગવાને જ વચન આપેલું છે. જ્યારે જ્યારે આ ધરતી પર અધર્મની જ્વાળાઓ ફેલાશે ત્યારે ત્યારે હું કોઇને કોઇ સ્વરૂપે જન્મ લઇશ. ગીતાનું વચન યુગે યુગે સાચું પડયું છે. કોઇ કાળે નરસિંહ, તો કોઇ કાળે મીરાં, તો કોઇ કાળે ઇસુ ખ્રિસ્ત યા મનસુર તો કોઇ કાળે બુદ્ધ, મહાવીર. એ જ રીતે બહુરત્ના વસુંધરાને મળ્યા સ્વામી વિવેકાનંદ.

ભણતરના પહેલા પાઠ હંમેશા માતે જ આપે છે. આમ જ અંગ્રેજી અને બંગાળી લિપિ એની માતાએ જ શીખવેલી. એના ખોળામાં બેસીને જ વિવેકાનંદે રામાયણ અને મહાભારતની કથાઓનું શ્રવણ કરેલું ને તેમાંથી પ્રેરણા પી-પીને પોતાના ભવિષ્યના સાહસોત્સાહીને ઘીરવીર જીવનમાં મૂળ પોષેલા.

વાણી, વર્તન અને વિચાર, અને જેની સો રગમાં વિનયની સરવાણી વહે છે, વિવેક જેનો આનંદ છે, એ જ વિવેકાનંદ. તેઓના પ્રિય વિષયો હતા : તત્ત્વજ્ઞાન અને પ્રાચીન-અર્વાચીન ઇતિહાસ. એમની વૃત્તિ ખરી જિજ્ઞાસુ હતી. તેમણે ન્યાયશાસ્ત્રના તમામ ગ્રંથોનો ખૂબ અભ્યાસ કર્યો હતો.

કલકત્તા યુનિવર્સિટીમાં પશ્ચિમ ફિલસૂફીના ભારે કુશાગ્રબુદ્ધિ અને અદ્દભૂત સ્મરણશક્તિવાળા આ યુવાનમાં આદર્શવાદ અને સત્ય શોધકવૃત્તિ જન્મથી જ હતા. આપણાં પ્રાચીન સિદ્ધાર્થ બુદ્ધ પેઠે સંસારના પ્રશ્નો પર ચિંતન અને મનન કરતા.

'ધર્મ વગરનું જીવન એ તો હલેસા વિનાની નાવ સમું છે.'

માનવીનું અંતિમ ધ્યેય તો ઇશ્વરનું બીજ શરણ છે. માટે તો હોનહાર બેટાના જીવનમાં ભુવનેશ્વરી માતાએ ધર્મનું બીજ વાવ્યું. આ બીજ પર રામાયણ-મહાભારતના વાચનનું પાણી સીંચ્યું. આ બીજ અંધકારને અજ્ઞાનની ધરતીને ચીરીને બહાર નીકળ્યું. ધીરે ધીરે આ બીજ વિકાસ પામી વટવૃક્ષ બન્યુ. તે વૃક્ષ પર ફળો આવ્યાં, માનવતાના, પ્રેમના, નીતિના અને શ્રદ્ધાનાં.

શિક્ષણના સાચા શિષ્ય એટલે સ્વામી વિવેકાનંદ. કારણ કે, તેને તેનો પ્રચાર નહોતો કરવો. પરંતુ સમાજમાં મૂળ નાંખી ગયેલા અનર્થો, બેકારી, નિરક્ષરતા, કંગાલિયત સામે લડી આમૂલ પરિવર્તનની પ્રેરણા દેવાનું ભગીરથ કાર્ય કરવાનું હતું. તેમાં તેઓ સાંગોપાંગ સફળ થયા.

સાધુ પ્રત્યે તેઓને બચપણથી અતિ પ્રેમ હતો. બારણે સાધુ આવે, એટલે રાજી-રાજી થઇ જતા. બહેનોને એ ભારે પજવતા. આ નાનકડા નર શિષ્યમાંથી નરસિંહ બનતા નરેન્દ્રને કેમ ભુલાય?

જેણે ભારતના ઇતિહાસને ઢંઢોળ્યો, ભક્તિની અંજલિ છાંટી, ઇતિહાસને બેઠો કર્યો. આ બેઠેલા ઇતિહાસને આધ્યાત્મિક કતારની મંજિલ તરફ દોડાવ્યો. સો માઇલ લાંબા પ્રવાસની શરૂઆત માત્ર એક ડગલાથી જ થાય છે. તો ચાલો, મારાં ભારતીય મિત્રો, આપણી દરિદ્રતા, કાયરતા અને નિરાશાને છોડી પ્રગતિની મંજિલે એક દોટ ભરીએ.

સાચો શિષ્ય એટલે શૂન્યમાંથી સર્જન કરી શકે. ભારતના આ નાનકડા ધર્મ પ્રતિનિધિએ શિકાગો ધર્મ પરિષદમાં બધાની આંખો ઉઘાડી નાંખી. માત્ર એ જ ન હતુ. એ આંખોમાં ભારતને નિહાળવાની નૂતન દ્રષ્ટિ પણ બક્ષી. આખાયે અમેરિકાને વાણીના જાદુથી મુગ્ધ કરનાર વિવેકાનંદે અમેરિકાની ફૂટપાથ હોય, કે સાંકડી શેરી હોય, ઘર હોય કે પેઢી હોય, કે કોલેજ, સર્વત્ર પવનની લહેરખી માફક તેની વાણીનો પરિમલ પહોંચાડયો.

તેની વાણીની મુરલીનો પ્રધાન સૂર તો માનવતા જ હતો. માનવી જ આ જગતના મંદિરે ઇશ્વર છે. આમ, કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગની ત્રિમૂર્તિ એટલે જ સ્વામી વિવેકાનંદ.

મદારીની મુરલી પાસે ઝેરી સાપ શા માટે ઝૂમે છે?
સંગીતના એક સૂરે નાનકડા મૃગલા શાને ઝૂમે છે?

કારણ, એમાં પ્રેમનું સંગીત વહે છે. વિવેકાનંદે પ્રેમની મુરલીને માત્ર હિન્દુસ્તાનમાં જ વગાડી નથી. માત્ર અમેરિકામાં જ નહીં, આખીય આલમને ઘેલી કરનારનો પાઠ સિમિલિયાના મહોલ્લા પરના પથરા પર પ્રાપ્ત કર્યો હતો. જે જ્ઞાન વ્યવહારમાં મૂકી ન શકાય, તે શા કામનું?

વિવેકાનંદ યુવાનોને સંબોધતા કે,
'ચારિત્ર્ય મારી ડિગ્રી છે,
જીવન મારી પરીક્ષા છે.
સમગ્ર આલમ મારી યુનિવર્સિટી છે.'

તેઓ વધુમાં એમ પણ કહેતા :

આજ વિજ્ઞાન પ્રગતિની દિશામાં હરણફાળ ભરી છે. આજનું વિજ્ઞાન ચંદ્ર સુધી પહોંચ્યું. પણ તેનો શો અર્થ? માનવહૃદય ચંદ્ર સુધી પહોંચ્યું છે? જ્યાં દુઃખ, દર્દ અને નિરાશાના અનેક ડાઘા પડેલા છે. એ ચંદ્ર સુધી જનાર વધુ મહાન છે. આપણે વિવેકાનંદના હૈયાની આ વાત જીવનમાં ઉતારીએ.

# જે વ્યક્તિ કોઇ સીમામાં બંધાઇ રહેતી નથી તે વ્યક્તિ જ કંઇક હાંસલ કરી શકે છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

તમે જોયું હશે કે નાનું બાળક સાહસિક અને હિમ્મતવાળુ હોય છે તેને મોટા લોકોનાં પ્રમાણમાં ઓછો ડર લાગતો હોય છે. બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તે ડરપોક થતું જાય છે. આવું એટલા માટે થતું હોય છે કે, બાળપણથી જ તેને નકારાત્મક બાબતો વિશે જણાવવામાં આવે છે. 'જો ત્યાં ન જવાય પડી જઇશ' 'કૂતરાંને પકડીશ નહીં, કરડી જશે.' 'દૂધ નહી પીએ તો બાવો લઇ જશે.', 'દિવાસળી સળગાવીશ તો દાઝી જઇશ', 'ઝાડ પર ચઢીશ તો પડી જઇશ.' વગેરે પ્રકારનાં સૂચનો મળવાના કારણે બાળકોમાં એક જાતનો ભય ઘર કરી જતો હોય છે. જે મોટા થતાં તેને ડરપોક બનાવે છે, ભીરુ બનાવે છે. આ ભય તેમના અજ્ઞાન મનમાં છુપાયેલો રહે છે.

આપણા મનમાં છુપાયેલો અજ્ઞાત ભય આપણને સાહસ કરતાં રોકે છે. નીલ ડોનલ્ડ વોલ્શ કહે છે કે 'જીવનની ખરી શરૂઆત ત્યારે થાય છે. જ્યારે સલામત વિસ્તારનો અંત આવે છે. દરેક વ્યક્તિને પોતાનો સલામત વિસ્તાર હોય છે. તે પોતાના આ સલામત વિસ્તારમાંથી બહાર નીકળતો નથી અથવા તો નીકળવા માગતો નથી. તેણે પોતે નક્કી કરેલાં આ વિસ્તારમાં તેણે સલામતી લાગે છે. અહીં વિસ્તારનો વિસ્તૃત અર્થમાં લેવાનો છે. તે મનમાં નક્કી કરેલી બાબતો અથવા તો ભૌગોલિક સીમા હોઇ શકે. દરેક વ્યક્તિએ પોતાની જાત માટે આવી કોઇ સીમા નક્કી કરેલ જ હોય છે. હું આમ જ કરીશ, મને તો આ કામ ન જ ફાવે, મારે તો આ શહેર છોડીને કયાય જવું નથી, હું પૈસા માટે કામ કરતો નથી, પરદેશ જઇને મારે મજૂરી કરી નથી, મારી સમકક્ષ વ્યક્તિ સાથે જ હું લગ્ન કરીશ - વગેરે વગેરે... આવી તો કેટલીય સીમાઓ બાંધીને આપણે જીવતાં હોઇએ છીએ.'

આપણે એવાં કેટલાંયે યુવાન છોકરાં છોકરીઓને જોઇએ છીએ જેમણે પોતાને મનગમતા અભ્યાસક્રમ માટે બીજા રાજ્યમાં જવું પડે તેમ હોવાથી તે અભ્યાસક્રમ છોડી દીધો હોય. ઘણા લોકોને બીજા રાજ્યમાં સારી જોબની ઓફર મળતી હોવા છતાં તેને જતી કરતાં હોય છે. પરદેશમાં સારી કંપનીમાં નોકરી મળતી હોવા છતાં પોતાના પરિવારથી દૂર જવા માટે અમુક વ્યક્તિઓ તૈયાર નહીં થાય. કેટલાક સરકારી નોકરી કરતાં લોકો પ્રમોશનને કારણે બીજા શહેરમાં ન જવું પડે તેના માટે પ્રમોશન જતું કરતાં હોય છે. આ બધાં લોકો પોતે નક્કી કરેલો પોતાનો વિસ્તાર છોડવા તૈયાર નથી હોતા. તમે કારણ પૂછો ત્યારે અનેક બહાનાં તમને સાંભળવા મળશે. ગભરાઇને પોતાના કોચલામાં પુરાઇ રહેતા આ લોકો જીવતાં તો હોય છે પરંતુ તેમનું જીવન શુષ્ક હોય છે.

જે વ્યક્તિ કોઇ સીમામાં બંધાઇ રહેતી નથી તે વ્યક્તિ જ કંઇક હાંસલ કરી શકે છે. દુનિયા હંમેશા ચીલો ચાતરનારને ઓળખે છે. અંગ્રેજોના જમાનામાં ગાંધીજી ઇંગ્લેન્ડમાં વકીલાતનો અભ્યાસ કરવા માટે ગયાં હતા. તે સમયે વિમાનની સગવડ નહી હોવાથી તેઓ સ્ટીમરમાં મુસાફરી કરીને ઇંગ્લેન્ડ પહોંચ્યા હતા. ત્યાંથી અભ્યાસ પૂરો કરીને આવ્યાં પછી તેઓ તેમના વતનમાં બેસી ન રહેતાં સાઉથ આફ્રિકામાં વકીલાત કરવા ગયા હતા. જો તેઓ સાઉથ આફ્રિકા ગયાં જ ન હોત તો તેમને ટ્રેનમાંથી ઉતારી દેવાની ઘટના બની ન હોત અને તેનાથી પ્રેરાઇને તેઓએ અંગ્રેજો સામે ચળવળ શરૂ કરી ન હોત. ગાંધીજીએ કોઇ દિવસ સલામત વિસ્તારનો વિચાર નહોતો કર્યો. તેઓ ગમે તેવા સંજોગોમાં ગમે તે ગામ, શહેર કે દેશમાં ગોઠવાઇ જતાં. કોઇ પણ જગા તેમના માટે અજાણી કે અણગમતી ન હતી. વિષમ પરિસ્થિતિઓમાં પણ તેમને અનેક કામો કર્યા હતા. તેમની આ ખૂબીના કારણે જ તેઓ પોતાનાં ધ્યેયમાં સફળ થયાં હતા.

સંઘર્ષ અને પડકારો વિનાનું જીવન હોતું નથી. માણસ જન્મે છે ત્યારથી જ તેના જીવનમાં સંઘર્ષ શરૂ થઇ જાય છે. જે માણસ તેનાથી ડરીને પોતે બનાવેલાં કોચલામાં કેદ થઇ જાય છે. તે પ્રગતિ કરી શકતો નથી. જે સંઘર્ષથી ડરતો નથી, જે પડકારોનો સામનો કરે છે તે હંમેશા નવી કેડી કંડારે છે તે એક દિવસ સફળતાની ટોચે પહોંચે છે.

એક યુવાન ભણી-ગણીને નોકરી શોધવા લાગ્યો. તે ખૂબ જ સારું ભણ્યો હોવા છતાં તેને નોકરી મળતી ન હતી. એક દિવસ કંટાળીને તે આપઘાત કરવા પહાડ પર ચઢી ગયો. તે નીચે કૂદવા જતો હતો ત્યાં તેને એક સજ્જને બચાવ્યો. તે સજ્જને તેને તેની પાસે બેસાડ્યો, તેને શાંત પાડ્યો અને પછી આપઘાત કરવાનું કારણ પૂછ્યું. પેલા યુવાને પોતાની આપવીતી જણાવી. પેલા સજ્જને તેને જણાવ્યું. નોકરી ન મળતી હોય તો નાનો મોટો ધંધો કર.

'ધંધો કરવા માટે મૂડી તો જોઇએ ને...?!'

પેલા યુવાને જવાબ આપ્યો. 'એક કામ કર તું તારી આંખો મને આપી દે હું તને પાંચ લાખ રૂપિયા આપીશ.'

સજ્જને રસ્તો કાઢતા કહ્યું, યુવાન છંછેડાઇ ગયો. તે રૂપિયાના બદલામાં પોતાનાં શરીરનું એકેય અંગ આપવા તૈયાર ન હતો. સજ્જને હસીને યુવાનને કહ્યું, 'ભલા માણસ, તારી પાસે અમૂલ્ય આંખો, હાથ, પગ, કિડની, મગજ વગેરે હોવા છતાં તું કહે છે કે તારી પાસે મૂડી નથી? આ જ તો સહુની મોટી મૂડી છે. આ મૂડીનો ઉપયોગ કરીને તું કોઇ પણ કામ શરૂ કરીશ તો તું ધારે તે કરી શકીશ. પેલા સજ્જનની વાત સમજાઇ ગઇ. તેને સાચો રસ્તો દેખાડવા બદલ પેલા સજ્જનનો આભાર માનીને તે યુવાન ચાલ્યો ગયો.'